# ઈરાનના બે ટોચના સુરક્ષા અધિકારીઓને મારી નાખ્યા હોવાનો ઈઝરાયેલનો દાવો

**ઇરાનના** ટોચના સંરક્ષણ પદાધિકારી અલી લારીજાની અને બાસિજ ફોર્સના વડા જનરલ ગુલામ રેઝા માર્યા ગયા હોવાનો ઇઝરાયેલના સંરક્ષણ મંત્રીનો દાવો

**જો કે** આ બાબતને ઇરાન તરફથી હજી કોઇ સત્તાવાર સમર્થન નહીં

દુબઈ, 17 માર્ચ (AP) - ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ મંગળવારે જણાવ્યું હતું કે, ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી અને રિવોલ્યુશનરી ગાર્ડના બાસીજ મિલિશિયાના વડા બંને રાત્રિ દરમિયાન થયેલા હુમલામાં માર્યા ગયા છે, જે દેશના નેતૃત્વ માટે મોટો ફટકો છે. બીજી તરફ, તેહરાને તેના અખાતી આરબ પડોશીઓ અને ઈઝરાયેલ પર મિસાઈલો અને ડ્રોનનો નવો મારો ચલાવ્યો હતો. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈસરાઈલ કાત્ઝે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સુરક્ષા અધિકારી અલી લારીજાની અને જનરલ ગુલામ રેઝા - બંનેને ગઈકાલે રાત્રે ખતમ કરી દેવામાં આવ્યા હતા. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરવામાં આવેલા યુદ્ધના પ્રથમ દિવસે, 28 ફેબ્રુઆરીએ થયેલા હવાઈ હુમલામાં ઈરાનના 86 વર્ષીય સર્વોચ્ચ નેતા અલી ખામેનીનું અવસાન થયું હતું અને ત્યારથી ઈરાની ધર્મશાહી સરકારના અન્ય ટોચના કેટલાક નેતાઓ પણ માર્યા ગયા છે. ઈરાની સરકારી મીડિયાએ આ બંને મોતના સમાચારને તાત્કાલિક સમર્થન આપ્યું નથી. જો કે, તેમણે જણાવ્યું હતું કે લારીજાનીની ઓફિસ તરફથી ટૂંક સમયમાં એક સંદેશ પ્રકાશિત કરવામાં આવશે.

### ઈરાની હુમલાઓથી પાડોશી દેશો અને તેલ બજાર પર દબાણ

ઈરાને તેના અખાતી આરબ પાડોશી દેશોના ઊર્જા માળખા પર દબાણ જાળવી રાખ્યું છે. આ ક્રમમાં સંયુક્ત આરબ અમીરાત(UAE)ના પૂર્વ કિનારે ઓમાનના અખાત પાસે આવેલા ફુજૈરાહના તેલ પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેને અગાઉ પણ વારંવાર નિશાન બનાવવામાં આવ્યું છે. રાજ્ય સંચાલિત સમાચાર સંસ્થા 'WAM' ના અહેવાલ મુજબ, ડ્રોન હુમલાથી થયેલા વિસ્ફોટમાં કોઈને ઈજા થઈ નથી. જોકે, સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે અઘ્ઘર તોડી પડાયેલી મિસાઈલના અવશેષો પડવાને કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં UAEમાં આ રીતે મૃત્યુ પામનાર તે આઠમી વ્યક્તિ હતી. ઈરાન દ્વારા અખાતી દેશો પર કરવામાં આવતા હુમલા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર તેના પ્રભુત્વને કારણે વૈશ્વિક ઊર્જા સંકટની ચિંતા વધી ગઈ છે.

### યુએઇની હવાઇ સીમા થોડો સમય બંધ કરાઇ

મંગળવારે વહેલી સવારે યુએઈ(UAE)એ તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું, કારણ કે તેના સૈન્યએ અહેવાલ આપ્યો હતો કે તેઓ ઈરાન તરફથી આવી રહેલા મિસાઈલ અને ડ્રોન જોખમોનો સામનો કરી રહ્યા છે. આ પ્રતિબંધ ટૂંક સમયમાં જ ઉઠાવી લેવામાં આવ્યો હતો, પરંતુ તેના થોડી જ વાર પછી વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા કારણ કે સૈન્ય આવનારા હુમલાઓને હવામાં જ તોડી પાડવા માટે કાર્યવાહી કરી રહ્યું હતું. હવાઈ ક્ષેત્ર બંધ કરવાની આ તાત્કાલિક જાહેરાત અમીરાત સત્તાવાળાઓ સામેના પડકારને દર્શાવે છે, જેઓ એકતરફ ઈરાની હુમલાઓ વચ્ચે પોતાની મોટી એરલાઇન્સ, એમિરેટ્સ અને એતિહાદની ઉડાનો ચાલુ રાખવા માટે મથામણ કરી રહ્યા છે.

ઈરાની હુમલાઓ વચ્ચે પોતાની મોટી એરલાઇન્સ, એમિરેટ્સ અને એતિહાદની ઉડાનો ચાલુ રાખવા માટે મથામણ કરી રહ્યા છે.

## પેજ 3

### બિભત્સ શબ્દોવાળા 'સરકે ચુનર' ગીતને યુટ્યુબ પરથી હટાવાયું, મંત્રાલય નોટિસ આપશે

**ફિલ્મની** ટીમ માફી પત્ર સાથે 'સભ્ય શબ્દો' વાળું નવું વર્ઝન રિલીઝ કરશે

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): સંજય દત્તની આગામી ફિલ્મ 'કેડી ધ ડેવિલ'ના ગીત 'સરકે ચુનર'ના બિભત્સ શબ્દોને લઈને સોશિયલ મીડિયા પર ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભારે વિવાદને પગલે સત્તાવાર યુટ્યુબ પેજ પરથી હિન્દી વર્ઝન હટાવી લેવામાં આવ્યું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય આ મામલે યુટ્યુબને નોટિસ મોકલવાની તૈયારીમાં છે. વિવાદ વધતા હિન્દી ગીતકાર રકીબ આલમે સ્પષ્ટતા કરી છે કે આ ગીત તેમણે લખ્યું નથી, પરંતુ કન્નડ ગીતનું માત્ર શાબ્દિક ભાષાંતર છે. રકીબ આલમે ઉમેર્યું કે હવે ફિલ્મની ટીમ માફી પત્ર સાથે 'સભ્ય શબ્દો' વાળું નવું વર્ઝન રિલીઝ કરવાની યોજના બનાવી રહી છે. આલમે જણાવ્યું કે, 'મેં શરૂઆતમાં જ આવું લખવાની ના પાડી હતી, પરંતુ નિર્દેશક પ્રેમે તેમને માત્ર કન્નડ શબ્દોનું હિન્દીમાં રૂપાંતર કરવા કહ્યું હતું.'

### પટકથા લેખક સલીમ ખાનને મુંબઈની હોસ્પિટલમાંથી રજા અપાઈ

મુંબઈ, તા. 17 (PTI): મગજમાં હેમરેજ થયા બાદ ગયા મહિને મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા પીઢ પટકથા લેખક સલીમ ખાનને મંગળવારે રજા આપવામાં આવી હતી અને તેમને ઘરે લઈ જવામાં આવ્યા હતા. એમ સૂત્રોએ જણાવ્યું હતું. તેમને 17 ફેબ્રુઆરીએ બાંદ્રાની લીલાવતી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના દાખલ થયાના એક દિવસ પછી, હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું કે, ખાનને બ્રેઇન હેમરેજ થયું હતું, જેની સફળ સારવાર કરવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

### શ્રીદેવી પ્રોપર્ટી વિવાદમાં બોની કપૂર હાઈકોર્ટ પહોંચ્યા

મુંબઈ, તા. 17 : દિવંગત અભિનેત્રી શ્રીદેવીની સંપત્તિને લઈને કાનૂની વિવાદ ફરી એકવાર ચર્ચામાં છે. ફિલ્મ-પ્રોડ્યુસર બોની કપૂર અને તેમની પુત્રીઓ જહાન્વી કપૂર તથા ખુશી કપૂરે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. રિપોર્ટ અનુસાર, આ સમગ્ર મામલો ચેન્નાઈના ઈસ્ટ કોસ્ટ રોડ પર આવેલી શ્રીદેવીની એક પ્રોપર્ટી સાથે જોડાયેલો છે. આ પ્રોપર્ટી પર એક વ્યક્તિએ દાવો કર્યો છે અને તે હેઠળ તેણે ચેંગલપટ્ટુની જિલ્લા અદાલતમાં અરજી દાખલ કરી હતી. આ મામલાની સુનાવણી કરતા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, ચેંગલપટ્ટુએ કપૂર પરિવારની તે અપીલને ફગાવી દીધી હતી, જેમાં તેમણે આ અરજીને શરૂઆતના તબક્કે જ રદ કરવાની માંગ કરી હતી.

# ક્યુબામાં બ્લેકઆઉટ, 1.1 કરોડ લોકો વીજળી વગર હેરાન થયા

**ક્યુબાની** આ હાલત પાછળ જૂનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ઉર્જા પ્રતિબંધ જવાબદાર

**છેલ્લા** ત્રણ મહિનાથી દેશમાં તેલનું એક પણ શિપમેન્ટ આવ્યું નથી, અત્યારે દેશ સોલર પાવર અને નેચરલ ગેસ પર નિર્ભર

હવાના, તા. 17 (એપી): ક્યુબામાં ઉર્જા અને આર્થિક કટોકટી વધુ ગંભીર બનતા સોમવારે આખા ટાપુ પર 'બ્લેકઆઉટ'ની સ્થિતિ સર્જાઈ હતી. લગભગ 1.1 કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં વીજળીનું નેટવર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા ચાર મહિનામાં વીજળી ગુલ થવાની આ ત્રીજી મોટી ઘટના છે.

ઉર્જા મંત્રાલયે આ 'કમ્પ્લીટ ડિસ્કનેક્શન'ની તપાસ શરૂ કરી છે, પરંતુ હાલ માત્ર હવાનાના 18,000 ગ્રાહકો એટલે કે માત્ર 2% વસ્તી સુધી જ વીજળી પહોંચાડી શકાઈ છે.

ક્યુબાની આ હાલત પાછળ જૂનું પુરાણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ઉર્જા બ્લોકેડ જવાબદાર મનાય છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં ચેતવણી આપી હતી કે ક્યુબાને તેલ વેચનાર કોઈપણ દેશ પર ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પે ક્યુબાને 'અત્યંત નબળો દેશ' ગણાવીને તેના પર સંપૂર્ણ અંકુશ મેળવવાની શક્યતા પણ વ્યક્ત કરી છે. બીજી તરફ, વેનેઝુએલાથી આવતો તેલનો પુરવઠો પણ જાન્યુઆરીથી બંધ થઈ ગયો છે.

## ટીએમસીએ 74 વર્તમાન ધારાસભ્યની ટીકીટ કાપી નાંખી

કોલકાતા. તા. 17 (પીટીઆઈ): તાજેતરની ચૂંટણીઓના ઈતિહાસમાં ઉમેદવારોના સૌથી મોટા ફેરબદલ પૈકીના એકમાં, સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસે મંગળવારે પશ્ચિમ બંગાળ વિધાનસભાની 294 બેઠકોમાંથી 291 બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. સતત ચોથી ટર્મ માટે સત્તા મેળવવાના લક્ષ્ય સાથે પક્ષે તેની 'એન્ટી-ઈન્કમ્બન્સી' વિરોધી વ્યૂહરચનાના ભાગરૂપે 74 વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કાપી નાખી છે, જે તેની કુલ વિધાયક સંખ્યાના લગભગ ત્રીજા ભાગ જેટલી છે. મુખ્યમંત્રી અને ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી દ્વારા જાહેર કરવામાં આવેલી આ યાદી બાદ ભાજપ સાથેના હાઈ-વોલ્ટેજ જંગ માટે મંચ તૈયાર થઈ ગયો છે. આ ચૂંટણીનો સૌથી મોટો મુકાબલો ભવાનીપુર બેઠક પર જોવા મળશે, જ્યાં મમતા બેનર્જીનો સીધો સામનો વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારી સાથે થશે. 2021ની નંદીગ્રામની લડાઈ બાદ આ બંને હરીફો ફરી એકવાર આમને-સામને ટકરાશે. પોતાના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાનેથી ઉમેદવારોની જાહેરાત કરતા બેનર્જીએ જણાવ્યું હતું કે પક્ષ 291 બેઠકો પર ચૂંટણી લડશે.

## હરિયાણા રાજ્યસભા ચૂંટણી : ભારે ડ્રામા વચ્ચે ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર જીત્યા

**પ્રથમ** બેઠક પર ભાજપના સંજય ભાટિયા સરળતાથી જીત્યા

**બીજી** બેઠક પર કોંગ્રેસના 5 ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું છતાં કરમવીર સિંહ બૌદ્ધ જીત્યા

ચંદીગઢ, તા. 17 (પીટીઆઈ): હરિયાણામાં રાજ્યસભાની બે બેઠકો માટે ભારે રસાકસી બાદ ભાજપના સંજય ભાટિયા અને કોંગ્રેસના કરમવીર સિંહ બૌદ્ધ વિજેતા જાહેર થયા છે. મધ્યરાત્રિ સુધી ચાલેલી મતગણતરી અને બંને પક્ષો દ્વારા 'મતની ગોપનીયતા' ભંગ કરવાના આક્ષેપોને કારણે આ ચૂંટણી પર બધાની નજર હતી. 90 સભ્યોની વિધાનસભામાં આઈએનએલડીના 2 ધારાસભ્યો ગેરહાજર રહેતા 88 મતો પડ્યા હતા, જેમાંથી 5 મતો અમાન્ય ઠર્યા હતા. ભાજપના સંજય ભાટિયા 39 પ્રથમ પસંદગીના મતો સાથે સરળતાથી જીતી ગયા હતા. જોકે, બીજી બેઠક પર કોંગ્રેસના બૌદ્ધ અને અપક્ષ ઉમેદવાર સતીશ નાંદલ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. બૌદ્ધને 28 મતો મળ્યા હતા, જ્યારે ભાજપ સમર્થિત નાંદલને 16 મતો મળ્યા હતા. કોંગ્રેસના 5 ધારાસભ્યોએ 'ક્રોસ વોટિંગ' કર્યું હોવા છતાં, બૌદ્ધ માંડ-માંડ જીત મેળવવામાં સફળ રહ્યા હતા. જો કોંગ્રેસના વધુ એક સભ્યએ ક્રોસ વોટિંગ કર્યું હોત તો નાંદલ જીતી ગયા હોત. કોંગ્રેસે તેના ક્રોસ વોટિંગ કરનાર ધારાસભ્યોને કારણ બતાવો નોટિસ ફટકારવાની જાહેરાત કરી છે.

મતગણતરી દરમિયાન ભારે વિવાદ સર્જાયો હતો. ભાજપે કોંગ્રેસના બે ધારાસભ્યો પર અને કોંગ્રેસે ભાજપના અનિલ વિજ પર નિયમોના ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો.

## કોંગ્રેસે ક્રોસ-વોટિંગ માટે ઓડિશાના ત્રણ ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા

ભુવનેશ્વર, તા. 17 (PTI) ઓડિશામાં વિરોધ પક્ષ કોંગ્રેસે મંગળવારે તેના ત્રણ ધારાસભ્યો સનાખેમુન્ડીના રમેશ ચંદ્ર જેના, મોહનાના દશરથી ગોમાંગો અને બારાબતી-કટકડા સોફિયા ફિરદોસને ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર દિલીપ રાયને મત આપી તેમને રાજ્યસભાની ચૂંટણી જીતવામાં મદદ કરવા બદલ સસ્પેન્ડ કર્યા છે. એમ પક્ષના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. રાજ્ય કોંગ્રેસ મીડિયા સેલના અધ્યક્ષ અરવિંદ દાસે જણાવ્યું હતું કે, તેમના કાર્યોની કાળજીપૂર્વક સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે, જે પક્ષના હિતો માટે હાનિકારક માનવામાં આવે છે.

## મૃતકના બેંક ખાતાની વિગતો વારસદારોને કેમ નથી અપાતી? : સુપ્રીમનો સવાલ

નવી દિલ્હી, તા. 17 (PTI) : સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પૂછ્યું હતું કે મૃત વ્યક્તિઓના બેંક ખાતાની વિગતો તેમના વારસદારોને શા માટે જાહેર કરી શકાતી નથી, અને જણાવ્યું હતું કે સરકારે આ મુદ્દે એક નીતિ ઘડવી જોઈએ. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠ પત્રકાર સુચેતા દલાલ દ્વારા દાખલ કરવામાં આવેલી એક જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરી રહી હતી, જેમાં બેંક ખાતાઓમાં પડી રહેલી બિનવારસી થાપણો વિશે મૃત થાપણદારોના કાયદેસરના વારસદારોને જાણ કરવા માટે એક મિકેનિઝમ સ્થાપિત કરવાના નિર્દેશની માંગ કરવામાં આવી છે.

## મોદીએ યુએઇના પ્રમુખ સાથે ફોન પર વાત કરી

નવી દિલ્હી, તા. ૧૭(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સંયુક્ત આરબ અમીરાત(UAE)ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી અને હોર્મુઝની સામુદ્રધુની દ્વારા સુરક્ષિત અને મુક્ત નેવિગેશન સુનિશ્ચિત કરવા પર સહમતિ વ્યક્ત કરી હતી. ટેલિફોનિક વાતચીત દરમિયાન, મોદીએ ખાડી દેશ પરના તમામ હુમલાઓની સખત નિંદા કરી હતી અને પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની વહેલી પુન:સ્થાપના માટે UAEના નેતા સાથે મળીને કામ ચાલુ રાખવા સંમત થયા હતા.

## પાકિસ્તાની તેલ ટેન્કરને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવા ઈરાને આપી મંજૂરી

કરાચી, તા. 17 (પીટીઆઈ): ઈરાને એક પાકિસ્તાની વેપારી ઓઈલ ટેન્કરને હોર્મુઝની ખાડીના પોતાના વિસ્તારમાંથી પસાર થઈને અરબી સમુદ્રમાં પાકિસ્તાની જળસીમામાં પ્રવેશવાની મંજૂરી આપી છે. મંગળવારે અધિકારીઓએ આ અંગે માહિતી આપી હતી. પાકિસ્તાન નેશનલ શિપિંગ કોર્પોરેશન (પીએનસીસી)ના પ્રવક્તા ફારૂક નિઝામીના જણાવ્યા અનુસાર, અંદાજે 1,09,990 ટન ક્રૂડ ઓઈલ લઈ જતું જહાજ 'એમટી કરાચી' બુધવારે કરાચી પોર્ટ ટ્રસ્ટ પર પહોંચશે. આ જહાજે અબુ ધાબીના દાસ આઇલેન્ડ પરથી તેલ ભરીને 15 માર્ચના રોજ મુસાફરી શરૂ કરી હતી.

## ભાંગફોડિયા પ્રવૃતિ માટે આવેલા એક અમેરિકન, છ યુક્રેનિયનો પકડાયા

**NIAએ** કોલકાતામાંથી અમેરિકનની અને લખનૌ તથા દિલ્હી એરપોર્ટો પરથી ત્રણ-ત્રણ યુક્રેનિયનોની ૧૩ માર્ચે ધરપકડ કરી, કોર્ટે ૧૧ દિવસની NIA કસ્ટડીમાં મોકલ્યા

નવી દિલ્હી, તા. ૧૭: નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ એક ફિલ્મી દ્રશ્ય જેવા ઓપરેશનમાં અમેરિકી નાગરિક મેથ્યુ એરોન વેનડાયક અને છ યુક્રેનિયન નાગરિકોની ધરપકડ કરી છે. આ ધરપકડો ત્રણ એરપોર્ટ પર કરવામાં આવી હતી - કોલકાતામાં વેનડાયકની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે લખનૌ અને દિલ્હી એરપોર્ટ પરથી ત્રણ-ત્રણ યુક્રેનિયન નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. યુક્રેનિયન નાગરિકોની ઓળખ પેટ્રો હુરબા, તારાસ સ્લિવિયાક, ઇવાન સુકમાનોવસ્કી, મરિયન સ્ટેફનાકિવ, મેક્સિમ હોનચારુક અને વિક્ટર કામિન્સકી તરીકે થઈ છે. આ ધરપકડ શુક્રવારે (13 માર્ચે) થઈ હતી. મેથ્યુ વેનડાયક સૌપ્રથમ 2011ના લિબિયન ગૃહયુદ્ધ દરમિયાન ચર્ચામાં આવ્યો હતો. તેણે ઈરાકમાં આતંકવાદી જૂથ IS સામે લડાઈ લડી છે અને રશિયા સામેના યુદ્ધ દરમિયાન યુક્રેનિયનોને તાલીમ પણ આપી છે. અહેવાલ મુજબ દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં વિશેષ NIA કોર્ટે 16 માર્ચે આ સાતેયને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ 11 દિવસની NIA કસ્ટડીમાં મોકલી દીધા છે. એવો આરોપ છે કે આ જૂથે 'રિસ્ટ્રિક્ટેડ એરિયા પરમિટ' (RAP) વગર ભારતના મિઝોરમ રાજ્યની મુસાફરી કરી હતી. ત્યારબાદ તેઓ ગેરકાયદેસર રીતે મ્યાનમારમાં પ્રવેશ્યા હતા, તેમ સમાચાર એજન્સી ANI એ અહેવાલ આપ્યો છે.

## ત્રણ મહિનાથી મોટા બાળકને દત્તક લેનાર માતાને પણ મેટરનિટી લીવ મળશે

**સુપ્રીમ** કોર્ટે 'કોડ ઓન સોશિયલ સિક્યોરિટી ૨૦૨૦' ની કલમ 60(4)ને ગેરબંધારણીય ઠેરવી

નવી દિલ્હી, તા. ૧૭(PTI): દત્તક લેવાની પ્રક્રિયા એ પ્રજનન સ્વાયત્તતાના અધિકારનો એક ભાગ છે તેમ અવલોકન કરતા, સુપ્રીમ કોર્ટે મંગળવારે તે કાયદાને રદ કર્યો છે જેમાં કહેવામાં આવ્યું હતું કે જો કોઈ મહિલા ત્રણ મહિનાથી ઓછી ઉંમરના બાળકને કાયદેસર રીતે દત્તક લે તો જ તે માતૃત્વ રજા માટે પાત્ર ગણાશે. કોર્ટે આ જોગવાઈને ભેદભાવપૂર્ણ ગણાવી છે.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે ચુકાદો આપ્યો હતો કે 'કોડ ઓન સોશિયલ સિક્યોરિટી ૨૦૨૦' ની કલમ 60(4) હેઠળ વય-આધારિત વર્ગીકરણ બંધારણની કલમ ૧૪ અને ૨૧નું ઉલ્લંઘન કરે છે. ખંડપીઠે ઠેરવ્યું હતું કે દત્તક લેનાર માતા બાળકની ઉંમર ગમે તે હોય, ૧૨ અઠવાડિયાની માતૃત્વ રજા મેળવવા માટે હકદાર ગણાશે.


## નિવિદા નં.એસ.કે./૦૪/૨૦૨૫-૨૬

**ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇંજનેરશ્રી પંચાયત (મા.મ) વિભાગ તાપી-વ્યારા જીલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, પ્રથમ માળ, વ્યારા, ફોન નં. (૦૨૬૬) ૨૨૦૦૮૧ ની કચેરી તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇંજારદાર પાસેથી નીચે મુજબના કામો ઓન-લાઇન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે.**

**(૧) વાર્ષિક ભાવો : ૨૦૨૬-૨૭ હેઠળ ટેન્ડર ફોર પ્રોવાઇડીંગ કન્સલ્ટન્ટી સર્વિસ ફોર પ્રિપેરેશન ઓફ ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ (ડી.પી.આર.), ડીટેઇલ કોસ્ટ એસ્ટીમેન્ટ, સ્ટાન્ડર્ડ બિડીંગ ડોક્યુમેન્ટ (એસ.બી.ડી.), ટેન્ડર ડોક્યુમેન્ટ, બીડ પ્રોસેસ મેનેજમેન્ટ એન્ડ ઓન્ટેઇનીંગ એપ્રુવલ ઓફ એસ્ટીમેન્ટ એન્ડ ટેન્ડર ફોમ કોમ્પેટેન્ટ ઓથોરીટી ફોર વેરીયસ સિવિલ વર્ક ઓફ રોડ એન્ડ બિલ્ડીંગ અન્ડર પંચાયત રોડ એન્ડ બિલ્ડીંગ ડીવિઝન વ્યારા ડીસ્ટ્રીકટ તાપી. જે કામો માટે ઈ-૧ અને ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતા ઇંજારદાર પાસેથી ઓન- લાઇન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે. જેની બાનાની રકમ ટેન્ડરની કામની બાનાની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- અને ટેન્ડર ફી રકમ રૂા.૧,૫૦૦/-ની રહેશે. આ નિવિદાની સંપૂર્ણ વિગતો https://tender.nprocure.com ઉપર જોવા મળશે.**

**ટેન્ડર ઓન-લાઈન સબમીશનની છેલ્લી તા.૦૭/૦૪/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી. અને ટેન્ડર ઓન-લાઈન ખોલવાની તા.૦૮/૦૪/૨૦૨૬ સમય ૧૧:૦૦ કલાકે ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પોસ્ટ એડીથી મોકલવાની છેલ્લી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધીમાં કાર્યપાલક ઇંજનેરશ્રી પંચાયત (મા.મ) વિભાગ, તાપી-વ્યારા રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાના રહેશે.**

**ટેન્ડર અન્ય શરતો તથા સુધારા-વધારા વેબસાઈટ પર ઓન-લાઈન જોઈ શકાશે.**

કાર્યપાલક ઇંજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વ્યારા-તાપી

કમાંક . માહિતી-સૂરત/ ૧૬૫૩ /૨૦૨૬



## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)
સીઆઈએન: L65110TN2014PLC097792
નોંધાયેલ કચેરી: કેઆરએમ ટાવર્સ, ટમો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. દૂરભાષ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨.

**પરિશિષ્ટ IV [નિયમ ૮(૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

**જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)ના અધિકૃત અધિકારી હોવાને નાતે 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' હેઠળ અને કલમ ૧૩(૧૨) સાથે વંચાણે લેતા 'સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨'ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાની રૂએ તારીખ ૨૪.૦૫.૨૦૨૫ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારોઃ ૧. એસ. કે. નારોલા ૨. કોમલબેન સંદીપભાઈ નારોલાને નોટિસમાં દર્શાવેલ રકમ રૂપિયા ૧૮,૪૮,૬૬૧.૭૫ (અંકે રૂપિયા અઢાર લાખ અડતાલીસ હજાર છસો એકસઠ અને પંચોતેર પૈસા પૂરા) જે તારીખ ૨૩.૦૫.૨૦૨૫ના રોજ બાકી હતી, તે સદર ડિમાન્ડ નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર ચૂકવવા માટે જણાવાયું હતું.**

**દેવાદારો રકમ પરત કરવામાં નિષ્ફળ રહેતાં દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૪) સાથે વંચાણે લેતા 'સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨'ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો ભૌતિક કબજો આજે તારીખ ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ લીધો છે.**

**ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)ના રૂપિયા ૧૮,૪૮,૬૬૧.૭૫ (અંકે રૂપિયા અઢાર લાખ અડતાલીસ હજાર છસો એકસઠ અને પંચોતેર પૈસા પૂરા) અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે. સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં દેવાદારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.**

**સ્થાવર મિલકતોનું વર્ણન**

**આઇટમ ક્રમાંક ૨: સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, દુકાન નંબર ૨-એ ના પરિસર (મંજૂર નકશા મુજબ દુકાન નંબર ૨), જેનું ક્ષેત્રફળ ૩૩૬.૦૦ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) અને ૧૮.૦૯ ચોરસ મીટર (બિલ્ટ અપ એરિયા) છે, જેની સાથે જમીનનો પ્રમાણસર અવિભાજિત હિસ્સો ૧૦.૪૦ ચોરસ મીટર છે, "બીજો માળ", "ગૃહમ એમ્પાયર", જે મહેસૂલી સર્વે નંબર ૪૭૪/૧+૨, બ્લોક નંબર ૭૬૪ પર વિકસાવવામાં આવેલ છે, જે મહેસૂલી રેકોર્ડ ૭/૧૨ મુજબ, ટી.પી. સ્કીમ નંબર ૬૬ (કોસાડ-વરીયાવ), ફાઈનલ પ્લોટ નંબર ૨૨૩, વાણિજ્યિક હેતુ માટેની બિન-ખેતીની જમીન પેકી છે. જે મોજેઃ ગામ કોસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ સુરત શહેર (હાલ અડાજણ), જિલ્લોઃ સુરત, રાજ્યઃ ગુજરાત-૩૯૪૧૦૭ ખાતે આવેલી છે, અને જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ ખુલ્લી જમીન પછી અડીને આવેલો ખુલ્લો રસ્તો,પશ્ચિમઃ ખુલ્લી જમીન, ઉત્તરઃ બ્લોક નંબર ૭૯૫ની જમીન, દક્ષિણઃ આસ્થા રેસીડેન્સી પછી અડીને આવેલી ખુલ્લી જગ્ય